સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

નરાધમો નાં દુષ્કર્મો નો 'પૃથ્વી' ને ભાર લાગે છે,
કાયા કાપી, આતંકી કર્મો નો પૃથ્વી ને ભાર લાગે છે,
ભાર લાગે છે પૃથ્વીને શસ્ત્રોના ભૂંડા ભંડારો નો -
'શેષ' ને પણ કૌભાંડોથી, પૃથ્વી નો ભાર લાગે છે.
('પૃથ્વી' દિવસ)

હાઈકુ

લાગી 'આપ' ને -
મુખત્યાર ની છાપ -
બની છે 'ખાપ'
(સંગઠન શક્તિ નો અભાવ)

ઉડે કાદવ,
ખરડાયો ખેડૂત -
વાક-યુદ્ધમાં...
(આપસી આરોપો)

ચિંતન

ગુણાં કુર્વન્તિ દૂતત્વં દૂરે અપિ વસતાં સતામ્ । કેતકી ગંધમાઘ્રાય સ્વયં ગચ્છન્તિ ષટપદાઃ ॥

'પવન, વાયુ દ્વારા જેમ સ્વયં કેવડાની સુગંધ વાતાવરણમાં દૂર સુધી આપોઆપ જ ફેલાઇ જાય છે તેમ, સજ્જન-સદ્‌ગુણી જનોની કીર્તિની મહેંક કોણ પણ પ્રયાસ વિના જ, તેમના સદ્‌ગુણો ની સુગંધ આપોઆપ પ્રસરે છે અર્થાત એના માટે પ્રચાર કરવો પડતો નથી.'

આજકાલ નેતાઓ-પક્ષો-ધનિકો-હોદ્દેદારો-પોતે કરેલાં કાર્યોની યાદી બનાવી બોલી ઢોલ-નગારાં સાથે પ્રચારના ધજાગરા કરતાં કહે છે કે 'મેં આ કર્યું - તે કર્યું' વગેરે છતાં કદાચ જનમાનસ એની નોંધ લે કે ન પણ લે..

જયારે વિદ્યાવાન-ગુણવાનોના ગુણની સુગંધ તો પોતાના કાર્યો-લેખન-પ્રકાશન દ્વારા અને તેનાં મૂલ્ય દ્વારા વિના પ્રયત્ને વિશ્વ આખામાં ફેલાઇ જાય છે એમાં થ્રીડી અને જાહેરખબરની જરુર પડતી નથી. સાહિત્યકારનું સર્જન જ - સર્જકની સુગંધ વિશ્વમાં આપોઆપ ફેલાઇ જાય છે.

આ વાત સમજાવવા અહીં - કેતકી - કેવડો નું દૃષ્ટાંત આપ્યું છે કેવડાને પોતાની સુગંધ માટે કંઇ કયાય 'પ્રચાર' કરવા જવું પડતું નથી. સદ્‌ગુણોની સુગંધ આપોઆપ ફેલાય છે.

સુવિચાર

- ત્રણ જ શબ્દોમાં મારી સમગ્ર જીદગીંનો અનુભવ વર્ણવી શકું છું... 'IT GOES ON' - રોબર્ટ ફ્રોસ્ટ
- માનું છું કે જીંદગી ખૂબ અનિશ્ચિતતાઓથી ભરેલી છે.. પણ એ તમારી તરફેણમાં પણ હોઇ શકે છે - વર્ગીસ કુરીયન
- પામ્યો જે પ્રસન્નતા એનાં દુઃખો સહુ નાશ પામતાં.. પામ્યો જે પ્રસન્નતા તેની બુદ્ધિ શીઘ્ર અને સ્થિર - ગીતાજી
- ભલા-ભોળા માણસમાં બધી બાબતોનો સ્વીકાર ભાવ છે.. એનું અજ્ઞાન દુઃખદાયક નથી, અજ્ઞાન આનંદ સર્જે છે.. એવા ભગવાનના ભલાભોળા માણસનાં સુખ અને આનંદ કોઇક અલગારી ઓલિયાના ભાગ્યમાં જ હોય છે - ઓશો
- જગતનાં સર્વોત્તમ મહાનુભાવો, ધર્મધુરંધરોની સરખામણીએ એક સારા સાચા દિલનો માણસ શ્રેષ્ઠ છે - એસ. ભટ્ટાચાર્ય
- આખી જીંદગીની ખૂબ સંવેદનશીલ બાબતોની જાગૃતિને 'ઇન્ટેલીજન્સ' કહી શકાય - જે. કૃષ્ણમૂર્તિ
- સમયની રેત પર આપણે આપણા પગલાંની છાપ મૂકી જવી હોય તો સમયને વશ કરી, તેને ઝડપી લઇ કંઇક પ્રાપ્ત કરવું જોઇએ, કંઇક સિદ્ધ કરવું જોઇએ - સમયસૂત્ર

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલ ધારાસભ્ય, સરકારી અધિકારી સંસ્થાના હોદ્દેદારો ખોટાં ભાડાં-ભથ્થાના બીલ લેતાં હોય છે અને મુસાફરી કરે ને કરે પૈસા હક્કની જેમ લઇ લે છે. સંસ્થા પ્રત્યે તેમને કોઇ જ નિષ્ઠા નથી હોતી.

ડો. સી.વી. રામને ૧૯૪૯માં 'રામન રિસર્ચ ઇન્સ્ટીટ્યુટની વિજ્ઞાન સંશોધન માટેની સંસ્થા સ્થાપી હતી એમાં નવાં-યુવાન વૈજ્ઞાનિકોની ભરતી કરવા માટે ઇન્ટરવ્યુ રાખ્યા હતા. ઇન્ટરવ્યુમાં આવનાર દરેક યુવાન ને ભાડા-ભથ્થાના પૈસા સંસ્થા દ્વારા 'ઇન્ટરવ્યુ' દરમિયાન જ કવર બનાવી આપવામાં આવ્યા હતા. અને ઇન્ટરવ્યુ દરમિયાન જ પસંદગી - નાપસંદગીની જાણ કરવામાં આવી હતી. ઇન્ટરવ્યુ છેક સાંજે પૂરાં થયા.

રામન બધું કાર્ય નિપટાવી ઘરે જતા હતા. ત્યાં પગથિયે એક યુવાનને બેઠેલો જોયો. રામન એને ઓળખી ગયા. કહ્યું, ભાઇ! તું નાહક બેઠો છે તારી પસંદગી થઇ નથી. તને કહ્યું' તો ખરું..

યુવક કહે - હા, હું બરાબર જ સમજ્યો છું - પણ આપ આખો દિવસ વ્યસ્ત હતા. મને ઇન્ટરવ્યુના ભાડાં-ભથ્થાં બીલમાં થયેલ ખર્ચથી વધારે પૈસા મળ્યા છે તે પાછા આપવા જ રોકાયો છું. હિસાબ સાથે યુવાને પૈસા પાછા આપ્યાં..

અને યુવાન પસંદ થઇ ગયો. એ હતા ડો. રાવ..

Email - sureshchandrabhatt18@gmail.com

ભારતીય રાજકારણના બાલિશ અટકચાળા

દેશની ૧૪ ટકા કરતાં વધુ મુસ્લિમ વસ્તીના પુન્ન મતદારોને મતાધિકારથી વંચિત રાખવાનું ઉંબાડિયું : સાવરકરવાદી ભૂમિકા સાથે અનુકૂળતાએ સત્તારૂઢ પક્ષ થકી છેડો ફાડવાના પ્રયાસો

અતીતની આજ
- ડો. હરિ દેસાઇ

વિશ્વગુરુ થવાની અપેક્ષા રાખનાર ગૌરવવંતા ભારતના રાજકારણીઓ હિંદુ વૉટબેંક અને મુસ્લિમ વૉટબેંકનું રખોપું કરવાના નર્યા સ્વાર્થ ખાતર છાશવારે બાલિશ અટકચાળા સમાન નિવેદનો કરીને પોતાની પરિપક્વનીતિઓને હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકી રહ્યા હોય એવું લાગે છે. બદ્ધેબદ્ધું યોજનાબદ્ધ રીતે થઈ રહ્યું છે. મહારાષ્ટ્રમાં સ્વાતંત્ર્યવીર સાવરકરના કટ્ટર હિંદુવાદથી પ્રેરિત રાજકારણને મારગ અનુકૂળતાએ પગરણ માંડનારા શિવસેના કે ભાજપના નેતાઓ આજે સત્તારૂઢ પક્ષના ગઠબંધન થકી સરકાર ચલાવી રહ્યા હોય ત્યારે એમની પાસેથી ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિના પ્રાણસમા 'સર્વધર્મસમભાવ'ની નીતિની અપેક્ષા કરવી સહજ મનાય.

મુસ્લિમોની સારી એવી વસ્તી ધરાવનાર વાંદરા વિસ્તારની વિધાનસભાની બેઠકની પેટાચૂંટણી વખતે જ 'મુસ્લિમોને મતાધિકારથી વંચિત રાખવા જોઈએ' એવું વિવાદસર્જક નિવેદન શિવસેનાના મરાઠી દૈનિક 'સામના'ના રવિવાર, ૧૨ એપ્રિલ ૨૦૧૫ના અંકમાં એના તંત્રી અને શિવસેનાના સાંસદ જ નહીં, શિવસેનાના પ્રવક્તા એવા સંજય રાઉતના 'રોકટોક' કોલમ હેઠળ પ્રકાશિત લેખમાં સામેલ છે. વિવાદાસ્પદ નિવેદનો કરવાં અને પાછળથી ફેરવી તોળવાં એ શિવસેનાની બાળાસાહેબ ઠાકરેથી લઈને ઉદ્ધવ ઠાકરેના યુગ સુધી લંબાયેલી પરંપરા છે. જોકે ટીવી માધ્યમોમાં મુસ્લિમોને મતાધિકારથી વંચિત રાખવાનો આગ્રહ કરનારી રાઉતની ભૂમિકાનું શિવસેના પ્રવક્તાઓએ પણ સતત સમર્થન કર્યું છે.માત્ર ભારતીય જનતા પક્ષના અગ્રણીઓએ શિવસેનાની આવી ભૂમિકા સાથે પોતાને કોઈ સંબંધ હોવાનું નકાર્યું છે.

શિવસેના-ભાજપની ૧૯૯૫-'૯૯ની સંયુક્ત સરકારના છેલ્લા તબક્કામાં નારાયણ રાણે મુખ્યમંત્રી હતા. એ પછી એમણે કોંગ્રેસગમન કરીને સત્તા સાથે જોડાણ ટકાવ્યું. કોંગ્રેસ-રાષ્ટ્રવાદી કોંગ્રેસની સરકારોમાં મહત્વનાં મંત્રીપદ મેળવ્યા છતાં ફરીને મુખ્યમંત્રી થવાના એમના ઉધામા થકી અનેકવાર કોંગ્રેસની ફજેતી થઈ હતી. કોંકણની એમની પરંપરાગત બેઠક હાર્યા પછી રાણે મુંબઈ મહાનગરના વાંદરાની બેઠકની પેટાચૂંટણી જીતીને વિધાનસભામાં વિરોધપક્ષનું નેતાપદ મેળવવા તત્પર હતા, પણ હાર્યા એટલે તેમણે ઘર અને ઘાટ ગુમાવ્યાં.

હિંદુ-મુસ્લિમ વૉટબેંકને કેન્દ્રમાં રાખીને જે કમઠાણ સમગ્ર ભારતીય રાજકારણમાં ચાલી રહ્યું છે એ વિશ્વમંચ પર ભારતને અને એની પ્રજાને હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકનારું છે. ટૂંકા રાજકીય સ્વાર્થ ખાતર, પોતાની વૉટબેંકને ઉશ્કેરવા કે આકર્ષવા માટે આવાં સમાજમાં ધાર્મિક વિભાજનો સર્જનારાં નિવેદન કરવાનું હકીકતમાં તો રાજકીય નેતાઓએ ટાળવું જોઈએ. દેશની ૧૪ ટકા કરતાં પણ વધુ મુસ્લિમ વસ્તીને મતાધિકારથી વંચિત રાખવાનું અવાસ્તવિક છે. મહાત્મા "ાંધીથી લઈને સરદાર પટેલ સુધીનાએ સદૈવ હિંદુ-મુસ્લિમ એકતા પર ભાર મૂક્યો હોવા છતાં હિંદુવાદીઓ અટકચાળા કરતા રહે છે.

હૈદરાબાદના ઓવૈસીબંધુઓએ પોતાના પક્ષ ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદ-ઉલ મુસલમિન(મુસ્લિમોના સંઘની અખિલ ભારતીય પરિષદ -એમઆઈએમ)ને મહારાષ્ટ્રમાં પ્રભાવી કરવા માંડ્યો છે. વિધાનસભાની છેલ્લા ચૂંટણીમાં કટ્ટરવાદી મુસ્લિમોના મનાતા આ પક્ષના ધારાસભ્યો મહારાષ્ટ્ર વિધાનસભામાં પ્રવેશ્યા ત્યારથી હિંદુ-મુસ્લિમ ટકરાવનું નવું વાતાવરણ શરૂ થયું છે. ઓવૈસીના દાદા-પરદાદા હિંદુ હતા. એમણે ઈસ્લામ કબૂલ કર્યાનું વિશ્વ હિંદુ પરિષદના નેતાઓ વારંવાર આંધ્રના જાહેરમંચ પરથી કહેતા રહ્યા છે. ઓવૈસીબંધુમાંથી મોટા ભાઈ અસદુદ્દીન ઓવૈસી સંસદસભ્ય છે, નાનો અકબરુદ્દીન આંધ્રની વિધાનસભામાં કોંગ્રેસ સાથે હાથ મિલાવીને પોતાનું કટ્ટરવાદી રાજકારણ ખેલતો રહ્યો, પરંતુ કોંગ્રેસ માટે પણ એ જોખમી સાબિત થતાં બેઉ અલગ થયા. તેલંગણ અને આંધ્ર પ્રદેશની રાજધાની હૈદરાબાદ પર ક્યારેક નિઝામશાહી ચાલતી હતી. ઓવૈસીબંધુઓને ફરીથી નિઝામશાહી શાસન આણવું હોય એટલી કટ્ટરતાથી એ મુસ્લિમોનો પક્ષ લઈને, કોંગ્રેસ અને ભાજપને ભાંડીને, પોલીસતંત્રને ગાળો દઈને,પાકિસ્તાની મહેમાનોને પોતાની સભાઓના મંચ પર હાજર રાખીને હિંદુ વિરોધી માહોલ ઊભો કરવાનો સતત પ્રયાસ કરતા રહે છે.હવે ઓવૈસીબંધુઓએ મહારાષ્ટ્રમાં પ્રવેશ કર્યો છે અને આવતા દિવસોમાં ઉત્તર પ્રદેશમાં ય જશે. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીથી છેતરાયાની અનુભૂતિ કરનારા ભારતીય મુસ્લિમોને પોતાના ભણી આકર્ષવાની કોશિશમાં ઓવૈસીબંધુઓ કાંઈક અંશે સફળ થતા જણાય છે.

આવા સંજોગોમાં જ્યાં મુસ્લિમ વસ્તી વધુ છે એવા પ્રદેશોમાં એમની વાત વધુ સંભળાય એ સ્વાભાવિક છે. શિવસેના ક્યારેક મુસ્લિમોને પણ પોતાની સાથે રાખવા માટે જાણીતી હતી. એની અગાઉની ૧૯૯૫-૯૯ દરમિયાનની રાજ્ય સરકારમાં મુસ્લિમ પ્રધાન પણ હતા. સમયાંતરે શિવસેનાની નીતિરીતિ કાયમ કાચીંડાની જેમ રંગ બદલતી રહી છે. ક્યારેક હાજી મસ્તાન જેવા નામચીન દાણચોર રહેલા મુસ્લિમ આગેવાનો સ્થાપેલા મુસ્લિમ-દલિત માઈનોરિટીના પક્ષના પાંચ નગરસેવકોના ટેકે શિવસેનાનો મુંબઈનો મેયર ચૂંટાતો હતો. એના નગરસેવક ખીમ બહાદુર થાપાની હત્યા થઈ ત્યાં લગી એ દાઉદ ઈબ્રાહિમની અંધારી આલમમાં કામે લાગેલો હતો. ગવળી ગેંગના લોકો પણ શિવસેના સાથે ખૂબ નિકટનો ઘરોબો ધરાવતા હતા.

વર્ષ ૧૯૬૬માં શિવસેનાની સ્થાપના કરવા માટે બાળાસાહેબ ઠાકરેને કોંગ્રેસી પ્રધાન બાળાસાહેબ દેસાઈ થકી જ પ્રેરણા મળી હતી. એ વેળા ગિરણગાવ એટલે કે મિલ-વિસ્તારમાં સામ્યવાદી કામદાર સંઘોના વર્ચસ્વને તોડવા માટે ગુજરાતી-મારવાડી મિલમાલિકોના ઈશારે કોંગ્રેસ સરકારે શિવસેના ઊભી કરાવી અને કૉમ્યુનિસ્ટ વિધાનસભ્ય કૃષ્ણા દેસાઈની હત્યા થયા પછી આ જ વિસ્તારમાંથી સૌપ્રથમ વખત શિવસેનાના વિધાનસભ્ય તરીકે ચૂંટાયેલા વામનરાવ મહાડિકે ગિરણવાવ પર સેનાનું વર્ચસ્વ સ્થાપિત કરાવ્યું હતું. ઈંદિરા ગાંધીની કાળી ઈમર્જન્સીના કલંકિત તાનાશાહ દિવસોમાં શિવસેના પ્રમુખ બાળ ઠાકરેએ કોંગ્રેસને જ ટેકો આપ્યો હતો. ઠાકરે પ્રગટપણે હિટલરનાં વખાણ કરતાં થાકતા નહોતા અને પોતાને 'લોકશાહીમાં નહીં, ઠોકશાહીમાં' રસ હોવાનું કહેતા. છેક ૧૯૮૪માં તેમણે હિંદુત્વના નામે મતનો મોલ લણી લેવા ભાજપ સાથે જોડાણ કર્યું અને અનેક ઉતારચડાવ છતાં આજ લગી એ ટક્યું છે. આજે મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેનાની સંયુક્ત સરકાર છે.

શિવસેનાના સુપ્રીમો ક્યારેક પોતાને હિંદુહૃદયસમ્રાટ ગણાવતા હતા. હકીકતમાં મુંબઈમાં 'મરાઠી માણૂસ'ને ન્યાય અપાવવાના નામે શરૂ થયેલી શિવસેનાએ મરાઠી સ્વાભિમાનને જગાડવાની દિશામાં નિર્ણાયક કામગીરી બજાવીને રાજકીય વર્ચસ્વ પ્રસ્થાપિત કર્યું તો ખરું, પણ સત્તા સાથે સંધાણ માટે કોઈ પણ હદે જવાની શિવસેનાની તૈયારી અને ખંડણી-બહાદુર તરીકેની એની છાપ ઉપરાંત છેલ્લા દાયકામાં તેના કેટલાક નેતાઓના કોંગ્રેસમન કે શરદ પવારની પાર્ટીમાં જવાને કારણે સત્તાથી એણે વંચિત રહેવું પડ્યું. ઓછામાં પૂરું, બાળ ઠાકરેએ જેને રાજકીય વારસ તરીકે તૈયાર કર્યો એ એમના ભત્રીજા રાજ ઠાકરેને બદલે પોતાના અનુગામી તરીકે પુત્ર ઉદ્ધવ ઠાકરેને પસંદ કર્યો એટલે વંકાયેલા ભત્રીજાએ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે) સ્થાપીને શિવસેનાને વધુ ફાચર મારી. રાજના વ્યક્તિત્વ અને જાહેર વક્તવ્યોમાં શિવસેનાના દિવંગત પ્રમુખ બાળ ઠાકરેનાં દર્શન થાય છે, જ્યારે 'બ્લડ ઈઝ થિકર ધેન વૉટર'ના ન્યાયે બાળાસાહેબના અનુગામી બનેલા એમના પુત્ર ઉદ્ધવ ઠાકરે પરદા પાછળ રહીને રાજકારણનો રિમોટ કંટ્રોલ સંભાળવા માટે જાણીતા બન્યા હતા. શિવસેનાના મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે નારાયણ રાણે એ વેળા ઉદ્ધવનાં ભાભી(ભાઈ જયદેવથી છૂટાછેડા લીધા પછી પણ બાળ ઠાકરેના વાંદરાના નિવાસસ્થાન 'માતોશ્રી'માં રહેતાં) સ્મિતા ઠાકરેના લાડકા ઉમેદવાર હતા. ઉદ્ધવે પક્ષનું સુકાન હાથમાં લીધું એટલે સ્થિતિ બદલાઈ.

છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં શિવસેનાએ ભાજપથી અલગ રહીને ચૂંટણી લડી. શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ બહારથી ભાજપને ટેકો આપવાની ઘોષણા કરીને 'બિગ બ્રધર' શિવસેનાને 'ગરજવાન' શિવસેના બનાવી દેવાની સોગઠી મારી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ચાણક્યનીતિને કારણે સત્તા માટે તરસતી શિવસેનાએ જખ મારીને રાજ્ય સરકારમાં જોડાવું પડ્યું. સત્તા વિના રાજનેતાઓ જલ બિન મછલી જેવી સ્થિતિમાં આવી જાય છે. સત્તારૂઢ મોરચામાં આવ્યા પછી પણ શિવસેનાએ પોતાની ઓળખ જાળવી રાખવા માટે હવે હિંદુ હૃદય સમ્રાટ નરેન્દ્ર મોદી અને ભાજપની નેતાગીરી સામે પોતે સવાયી હિંદુ પાર્ટી હોવાનું દર્શાવવા માટે મુસ્લિમ વિરોધી હોબાળા મચાવવા ક્યારેક સાવરકર વાદી વાઘા ચડાવવાનું તો ક્યારેય મુસ્લિમો માટેની ભાંડણલીલાનાં દર્શન કરાવવાનું પસંદ કર્યું છે. હકીકતમાં શિવસેનાએ પોતાની મરાઠી વૉટબેંક ટકાવી રાખવા માટે આવા અટકચાળાને બદલે ભાજપ સાથે મળીને સુશાસન પૂરું પાડવા પ્રયત્ન કરવો ઘટે. મુસ્લિમો આ દેશના નાગરિકો છે અને તેમને હિંદુઓ જેટલો જ આ દેશ માટેનો અધિકાર હોવાનું ગાંધીજી, સરદાર, સુભાષ અને નેહરુએ કાયમ સ્પષ્ટ કર્યું છે. સત્તામાં આવ્યા પછી મોદીએ મુસ્લિમો અને ખ્રિસ્તીઓની આળપંપાળ કરવાના પ્રયાસો આદર્યા એ પણ ઠીક નથી. સરકારે તમામ ભારતીય નાગરિકો સાથે સર્વધર્મસમભાવની નીતિ અપનાવવી જોઈએ. દેશના હિત વિરુદ્ધ જે કોઈ કાર્યવાહી કરે, એ પછી હિંદુ હોય કે મુસ્લિમ, તેની સામે સખત પગલાં લેવાં ઘટે. મોદી સરકાર અને ભાજપના નેતાઓએ પણ આવી ભૂમિકા અપનાવવી પડશે.

સવાર હતી છતાં બસ આખી હકડેઠઠ ભરેલી હતી, શનિવાર હતો અને પોતાના ગામ ભણી પાછા વળનારા આદિવાસીઓ મોટી સંખ્યામાં હતા

સખીને પત્ર
- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

સવારે સાડા પાંચ વાગ્યાનો સમય છે અને દાહોદ ગાંધીનગર વાળી બસમાં હું બેઠી. મારા કામની નવી જગ્યાએ પહોંચવા માટે... આ બસમાં મારો પહેલો દિવસ. બસમાં મોટા અવાજે વાગતાં ટેપરેકોર્ડરમાંથી સરસ મજાની પંક્તિઓ સરી રહી હતી...

"મૈં જિંદગી કા સાથ નિભાતા ચલા ગયા
હર ફિક્ર કો ધૂએં મેં ઉડાતા ચલા ગયા.
ગમ ઔર ખુશી મેં ફર્ક ન મહેસૂસ હો જહાં
મૈં જિંદગી કો ઉસ મકામ પે લાતા ચલા ગયા."

વહેલી પરોઢની તાજી હવામાં ગીતના શબ્દોથી એક અનન્ય આનંદ ભળી ગયો. સવાર હતી છતાં બસ આખી હકડેઠઠ ભરેલી હતી. શનિવાર હતો અને પોતાના ગામ ભણી પાછા વળનારા આદિવાસીઓ મોટી સંખ્યામાં હતા. બસ ઉપડી ત્યારે પગ મૂકવાની જગ્યા ન રહી. હું પણ જગ્યા ન મળવાથી ઊભી રહી ગઇ હતી ત્યાં કંડકટરે આવીને પુછ્યું, 'બેન! નોકરી કરો છો?' મેં જવાબ વાળ્યો કંઇક ગર્વથી, 'હાં! સ્કૂલમાં પ્રિન્સિપાલ છું.' તેણે પોતાની સીટ ચીંધી ત્યાં મને બેસવા કહ્યું. ત્યાર પછી આખા રસ્તે તે કંડકટર ઊભો રહ્યો. બે-ત્રણ વખત મેં તેને બેસવા માટે પુછ્યું પણ તે હસીને કહે તો 'અમને પ્રેક્ટિસ' છે. આમ તો એક્સપ્રેસ બસ હતી પણ ડ્રાઇવર લગભગ દરેક જગ્યાએ બસ ઊભી રાખી રાણ જોતાં લોકોને બસમાં લઇ લેતો અને કંડકટર પણ હસી હસીને હળવાશથી દરેકને સૂચનાઓ આપી આઘાં-પાછાં કરી જગ્યા કરતો રહેતો. બસમાં નિયમિત અપડાઉન કરતાં એક ભાઇએ ટકોર કરી, 'અરે! બસમાં જગ્યા જ નથી તો દરેક પોટલાવાળાં (આદિવાસી) ને જોઇને બસ ઊભી કેમ રાખો છો?' અને મજે થી બસ ચલાવતાં ડ્રાઇવરે જવાબ આપ્યો, 'સાહેબ! શર્ટ પેન્ટ વાળા હોય તો પૈસા ખર્ચીને રીક્ષા કે પ્રાઇવેટ સાધન પણ પકડી લે. પણ આ પોટલાવાળા ને તો બસ સિવાય કોઇ ઉપાય જ નથી. એટલે હું તો તેમને જોઉં ત્યાં બસ ઊભી જ રાખું.' વળી આખા ગુજરાતમાં એસ.ટી. ખોટમાં ચાલે ઓછે પણ દાહોદ, ગોધરા, સંતરામપુર બાજુ એસ.ટી. નફો કરે છે એ આ પોટલાવાળાઓના કારણે જ. આપણે પગાર જેમના આધારે નીકળતો હોય તેમની અવગણના કેમ થાય?' પોતાના વ્યવસાય પ્રત્યે ઊંડી નિષ્ઠા અને પ્રામાણિકતા ધરાવતાં તે ડ્રાઇવર - કંડકટરની જોડીને મનોમન સલામી આપી દીધી. વિલ્સન મિજરન કહે છે કે,

'ઉપર ચડતી વખતે લોકો સાથે સારો વ્યવહાર રાખવો, કારણ કે નીચે આવતી વખતે એ જ લોકો તમને પાછા મળશે.'

ના... ના... વાત આટલે અટકતી નથી. સવારની ઠંડી હવામાં વાતોએ ચડેલાં ડ્રાઇવરે પોતાની વાતને આગળ ધપાવી...

'સાહેબ શું કહું? આ અભણ પ્રજા બિચારી, બસમાં ગમે તેટલી અગવડ હોય તોય સમાઇ જાય. કોઇ દાહોદીયો બીડી પીતો હોય ને આપણે 'નો સ્મોકિંગ' નું બોર્ડ બતાવીએ એટલે બિચારો બીડી તો ફેંકી જ દે સાથે હાથ જોડીને માફીએ માંગી લે પણ એકવાર એક સાહેબ તેમની પત્ની સાથે બસમાં બેઠાં અને બસ શરુ થાય તે પહેલાં જ સિગારેટ પીવાનું શરું કર્યું. મેં તેમને વિનંતી કરી. સાહેબ, નો સ્મોકિંગ. એટલે સાહેબ તો ગરમ થઇ ગયા... 'મને ઓળખે છે? હું કોણ છું? અમદાવાદ નો મોટો વકીલ છું.' મેં સાહેબને કહ્યું, હાં સાહેબ તમે મોટા, પણ સિગારેટ બુઝાવી દો. ત્યાં સુધી ગાડી ચાલશે નહીં. સાહેબ પણ વટ ઉપર આવી ગયાં. 'જોઉં છું! બસ કેવી રીતે ચાલું નથી કરતો? જો અમારે દાહોદ પહોંચવામાં મોડું થયું તો હું તો ખરો જ પણ બાકીના સાઇઠ પેસેન્જરો ભેગા મળી તારી સામે કેસ કરીશું ને વળતર માંગીશું.' મેં સાહેબને કહ્યું, સાહેબ મોડું થાય જ શું કરવા? તમે સિગરેટ ફેંકી દો. એટલે તરત બસ ઉપાડીએ. ખાસી વાર રકઝક ચાલી છેવટે પત્નીના કહેવાથી સાહેબે સિગરેટ ફેંકી દીધી. પણ મને ધમકી આપી કે, 'હવે જો સમયસર નહિ પહોંચાડે તો કેસ પાક્કો સમજી લે જે!' મેં તો ગાડી દોડાવી. અને નિર્ધારિત સમય કરતાં પણ વહેલાં દાહોદ પહોંચાડી દીધા. એટલે સાહેબ ફરીથી તાડૂક્યાં, 'તેં જરુરતથી વધારે સ્પીડમાં બસ દોડાવી અને જોખમ ઊભું કર્યું.' મેં સાહેબને સમજાવ્યા, સાહેબ, મારી મર્યાદા મને ખબર છે. એક્સપ્રેસ બસની સ્પીડ લિમિટ ૬૦ થી ૬૫ છે અને મેં એથી વધુ સ્પીડથી બસ ચલાવી નથી. મારા કાયદા તો હું બરાબર પાળું છું. પણ તમે કાયદાનું શું કરો છો મને ખબર નથી?'

બંધ આંખે ડ્રાઇવરની વાતો સાંભળતાં-સાંભળતાં મનોમન એ ડ્રાઇવર - કંડકટરની ફરજપરસ્તીથી નતમસ્તક થતી જતી હતી. મેં તરત જ બાજુમાં ઊભેલી અદિવાસી બાળકીને મારા ખોળામાં બેસાડી લીધી. ક્યારેક મહાન લાગતી બાબતો એવાં વ્યક્તિઓ પાસેથી શીખવા મળે છે જેને દેખીતી રીતે આપણે નગણ્ય કે નાના માનતાં હોઇએ છીએ. પણ મહાનતા સત્તા કે સંપત્તિ કરતાં નિષ્ઠા અને કર્મોના ત્રાજવે તોલવાની બાબત છે. કહેવાતાં મોટા - પ્રતિષ્ઠિત માણસોને નાની - નાની ચોરીમાં આબાદ ઝડપી શકાય છે. મારી શાળામાં એક એવા વ્યક્તિ હતાં જે સારી નોકરી અને આવક ધરાવતાં હોવાં છતાં અસ્વચ્છ વ્યવસાયનું સર્ટીફિકેટ મેળવી સમાજકલ્યાણ વિભાગમાંથી બાળકની તગડી શિષ્યવૃત્તિ મેળવતાં હતા. જ્યારે એક વાલી ખાડા ખોદવાની મજુરી કરતાં હતા. મેં તેમને તેમનાં બાળકની ફી મારી કરવાની તત્પરતા બતાવી તો તેમણે સ્પષ્ટ ઇન્કાર કરી દીધો. કહ્યું કે, 'બેન, અત્યારે તો ફી ભરી શકીએ એટલું કમાઇએ છીએ. જ્યારે અગવડ પડશે ત્યારે કહીશું.' અને એ બાળક બારમાં ધોરણ સુધી મારી પાસે ભણ્યો ત્યાં સુધી મા-બાપે નિયમિત સમયસર ફી ભરી દીધી.

એક માણસ વિશ્વ પ્રવાસે નીકળ્યો હતો. દુનિયાની સફર પુરી કરીને આવ્યો ત્યારે તેને પુછવામાં આવ્યું કે વિશ્વની સફર અને જિંદગીની સફરમાં શું ફર્ક છે. પ્રવાસીએ કહ્યું કે, તમે વિશ્વના પ્રવાસે નીકળો છો ત્યારે તમારી પાસે નકશા હોય છે. જિંદગીના સફરનો નકશો નથી હોતો. એ નકશો માણસે પોતે તૈયાર કરવાનો હોય છે. ઘણાં માણસો એવાં નકશા બનાવે છે કે જે બીજા લોકોને પણ માર્ગદર્શન આપે છે, જે દરેક વ્યક્તિને નવી દિશા આપે છે. કેટલાંકના નકશા ઘરથી શરુ થઇ ઘરમં પૂરા થઇ જાય છે. ગામમાં પાણીની તકલીફ હોય ત્યારે મોટાભાગના લોકો પોતાના ઘરમાં પાણીની ટાંકી બનાવી લ્યે છે, જ્યારે કેટલાંક લોકો આખા ગામ માટે ડેમ બનાવવાનું વિચારે છે. તમારા વિચારો અને કર્મો તમારી મહાનતા અને મોટાઇ નક્કી કરે છે.

તમે જે કાર્ય કરી રહ્યાં છો, જેના દ્વારા તમારી પ્રગતિ શક્ય બની છે તેમાં ક્યાં લોકો સહભાગી છે તેમનાં પ્રત્યેની વફાદારી અને કર્મ પ્રત્યેની વચનબદ્ધતા મનુષ્યને ઉચ્ચતા આપે છે. નાના માણસોની તકલીફને સમજીને કાયદાનું સાર ચાલતો બસ ડ્રાઇવર કદાચ સમાજમાં મામૂલી માણસ લેખાતો હશે પણ માનવતાના મહેરામણમાં ઇશ્વરના પ્રિય વ્યક્તિઓના મેળામાં તે પેલા વકીલ કરતાંય વધારે પ્રતિષ્ઠિત અને સન્માનનીય છે.

એ પછી ભરચક રહેતી એ બસમાંની ભીડ અને મારાં સહપ્રવાસીઓ મને ક્યારેય કઠતાં નથી. કોઇ સાચું જ કહ્યું છે સખી!

"મંદિર, મસ્જિદ ભટકતે, કિસે મિલા ભગવાન ?
સેવા, કરૂણા, પ્યાસ સે સ્વયં બને ભગવાન."

- તારી સ્વાતિ

જી હાં... હું અનુષ્કા શર્મા છું... વિરાટની ગર્લફ્રેન્ડ... સો વોટ...??

નીકીની નજરે
- પ્રિય નીકી

'મે વિરાટને કહ્યું...વિરાટ કયા છે તુ...વિરાટની ક્રિકેટમેચ ચાલી રહી હતી અને એ દાવ લેવા જઈ રહ્યો અને એણે કહ્યું... ડાર્લીંગ, હુ ગયો ને આ આવ્યો, તુ થોડી મિનિટ રાહ જો, વિરાટ અને પુરી ઈન્ડિયાની ક્રિકેટ ટીમ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા સામે ધોવાઈ ગઈ ને હુ આખી ય ટીમને પ્લેનમાં બેસાડીને પ્લેનની પાઈલટ બનીને વાપસ લઈ આવી. વિરાટે પાકિસ્તાન સામેની મેચમાં સદી કરી કારણ કે એણે મારી ફિલ્મ 'પી.કે.' જોઈ હતી.

જી હાં,હુ અનુષ્કા શર્મા છુ. મારા અને વિરાટના આવા જોકસ વાંચ્યા અને મને લોકોની હલકી માનસિકતા પર હસવુ આવ્યુ. શા સ્ત્રોમાં એવુ લખ્યુ છે કે મહાભારતનુ યુધ્ધ દ્રૌપદીને કારણે થયુ. રામાયણ સીતાને કારણે સર્જાઈ. આ વખતના વલ્ડકપને ભારતે ગુમાવ્યો એના પર કોઈ શાસ્ત્ર લખાશે તો એમાં કદાચ કોઈક લખી ય નાખે કે 'અનુષ્કાને કારણે ભારતે વલ્ડકપ ગુમાવ્યો...'!! 'ભવ્ય' ભારતીય સંસ્કૃતિના પ્રદેશમાં એક જાણિતી ફિલ્મી અભિનેત્રી છુ. એકબીજા સાથે વિવાહ પણ ન કર્યા હોય એવા પ્રેમી યુગલ રાધાકૃષ્ણની અહી જ પુજા થાય છે. પણ પ્રેમને કે પ્રેમસંબંધને લોકો હજુ ય અહી મુકતમને સ્વીકારી શકતા નથી. ને એટલે જ પ્રોફેશનલ અને પર્સનલ લાઈફની ભેળસેળ કરી બેસે છે જેનુ સર્વ